પ્રાથમિક શાળાઓમાં ખાલી
જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક
યોજના - ઉપલી વયમર્યાદા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષંણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧-૨૦૧૧-સીંગલફાઈલ-૭-ક,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૧૧-૦૭-૨૦૧૧.

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની સીંગલ ફાઈલ નં.૯/૨૦૧૧
તા. ૬-૫-૨૦૧૧ પરની દરખાસ્ત.

આ મુ ખ :-

૧. સંદર્ભ(૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવથી જિલ્લા શિક્ષણ સમિતિ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબતની નીતિ નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવના ફકરા-૧૩માં વિદ્યાસહાયકની નોકરી માટે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની અને મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષની રહેશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય)નિયમ-૧૯૬૭ના નિયમ-૮(૨)ની જોગવાઇ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને મહિલા ઉમેદવારને નિયત મહત્તમ વયમર્યાદા પાંચ વર્ષની છૂટછાટ આપવાની જોગવાઇ છે.

૨. ગુજરાત રાજયમાં સરકારી પ્રાથમિક શાળામાં નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક એમ બે વિભાગ વર્ષ ૨૦૧૦-૧૧ વર્ષથી જ થયેલ છે. તે પહેલાં ધોરણ-૧ થી ૭ સળંગ પ્રાથમિક વિભાગમાં જ હોવાથી બી.એડ. તરીકેની લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની જોગવાઇ ન હતી. જેના કારણે વર્ષ ૨૦૧૦ પહેલાંના વર્ષોમાં બી.એડ. ઉત્તીર્ણ હોય તેવા ઉમેદવારો નિયત વયમર્યાદા વટાવી જવાને લીધે ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં વિદ્યાસહાયકની જગ્યાએ ભરતી માટે ઉમેદવારી નોંધાવી ના

શકે તેવા સંજોગો છે. વધુમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયકો માટે અમૂક કેટેગરીના ઉમેદવારો ૧૮ થી ૨૮ વર્ષની વયમર્યાદામાં પૂરતા પ્રમાણમાં નિમણૂંક માટે ઉપલબ્ધ ન થાય તેવી પણ શકયતાઓ રહેલ છે. ઉપર્યુકત સંજોગોને ધ્યાને લેતા વિદ્યાસહાયકોની જગ્યા માટે ઉમેદવારોની વયમર્યાદામાં છૂટછાટ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી અને પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ દરેક કેટેગરીના ઉમેદવારોને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયકોની જગ્યા માટે ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આગામી ત્રણ વર્ષ માટે આપવાનું નકકી કરેલ છે. તદ્નુસાર આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ૩. <u>ઠ રા વ:-</u>

**(ક) શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક ના ફકરા-૧૩માં નીચે મુજબનો અપવાદ ઉમેરવામાં આવે છે.**

<u>અપવાદ:-</u>

(i) " પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા મહિલા ઉમેદવારને ઉપર્યુકત નિયત મહત્તમ વયમર્યાદામાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમ-૧૯૬૭ના નિયમ-૮(૨)ની જોગવાઇ મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે."

(ii) સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવોથી કોઈપણ વર્ગને ઉપલી વયમર્યાદામાં કોઇ છૂટછાટ આપવામાં આવી હશે તે છૂટછાટ તે વર્ગને વિદ્યાસહાયકની જગ્યાએ ભરતીમાં મળવાપાત્ર રહેશે. "

**(ખ) શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઉપર્યુકત ઠરાવમાં ફકરા-૧૩ પછી નીચે મુજબનો ફકરા-૧૩(ક) ઉમેરવામાં આવે છે. "**

<u>૧૩(ક)</u> " દરેક સંવર્ગના ઉમેદવાર ( સામાન્ય અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલા ઉમેદવાર તેમજ બીજી કોઇ કેટેગરી કે જેઓને સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવ મુજબ ઉપલી વયમર્યાદામાં કોઇપણ છૂટછાટ

મળવાપાત્ર હોય) ને ફકરા-૧૩ મુજબની તેઓની મહત્તમ વયમર્યાદામાં વધારે પાંચ વર્ષની છૂટછાટ આપવાનું ઠરાવવામાં આવે છે. આ છૂટછાટ વિદ્યાસહાયકની જગ્યા માટે એવી બધી ભરતીઓ માટે લાગુ પડશે કે જેના માટે જાહેરાત તા.૩૦-૯-૨૦૧૪ અથવા તે પહેલાં બહાર પાડવામાં આવે. વધુમાં, મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ પ્રાથમિક શિક્ષક (ધોરણ-૧ થી ૫ના શિક્ષક થવા માટે)ના સંવર્ગને લાગુ પડશે નહીં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત